Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ પોષ

"દરેક આત્મા અણુવિકસેલી વ્યક્તિ છે. એ પાશવવૃત્તિઓથી પૂર્ણપણે મુકત નથી, છતાં ઉચ્ચત્તર વૃત્તિઓમાં તેનું રૂપાંતર કરવાને એ શક્તિમાન છે. આત્માની જરૂરિયાતોને પ્રથમ-સ્થાન આપવું જોઈએ એ વસ્તુ જો આપણે આનંદપૂર્વક સ્વીકારી લઇએ અને તેના નિયમો અનુસાર આપણી પ્રકૃતિનો નિગ્રહ કરીએ તો આપણે વિકાસ સાધી શકીએ. આપણી રસવૃત્તિ બદલીએ તો જ આપણા સુપ્ત માનસને નવેસરથી કેળવીએ તો જ આપણે વાસનાપ્રધાન મટી આધ્યાત્મિક બની શકીએ. એનો અર્થ એ થયો કે આપણે સંયમ અને શિસ્ત પાળવા જોઈએ. આપણી નૈસર્ગિક વૃત્તિથી પર થવાના પ્રયત્નમાં ડગલે ને પગલે ભારે પ્રલોભનો અને તેની સામે ઝૂઝવાનું રહેલું છે. પરંતુ આપણા વ્યક્તિત્વની પરિપૂર્ણતા માટે એ આવશ્યક છે. જો કે આ પ્રયત્ન આપણી પાસે ભારે ભોગ માગે છે, છતાં તેનો બદલો પણ એવો જ મહાન છે."

ડૉ. એસ. રાધાકૃષ્ણન.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૨ ] જાન્યુઆરી : ૧૯૭૫ [ અંક : ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જીવનનું મૂલ્ય | .... અનંતરાય જાદવજી | ૩૩ |
| ૨. | ભગવાન મલ્લિનાથ | .... મનસુખલાલ તા. મહેતા | ૩૪ |
| ૩. | શ્રાદ્ધ પ્રતિક્રમણનાં સૂત્રો, નામાન્તરો અને વિષયવૈવિધ્ય | .... હિરાલાલ ૨. કાપડિયા | ૩૭ |
| ૪. | સાધુ ઐસા ચાહિયે | .... મકરન્દ દવે | ૪૧ |
| ૫. | શ્રદ્ધાનું પરિબળ | .... મનસુખલાલ તા. મહેતા | ૪૩ |
| ૬. | એબ્રહામલિંકનના કેટલાક જીવન પ્રસંગો | .... મનસુખલાલ તા. મહેતા | ૪૫ |
| ૭. | ગ્રંથાવલોકન | .... મનસુખલાલ તા. મહેતા | ૪૮ |


## ખાસ સુચના

આપણી સભાના આજીવન સભ્ય ફીના માગશર સુદી ૨ તા. ૧૫-૧૨-૭૪થી રૂા. ૧૦૧) ના બદલે રૂા. ૧૨૫) એકસો પચીસ લેવાનું ઠરાવવામાં આવ્યું છે.

## પુણ્યતિથિની ઉજવણી

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણિય શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે આપણી સભા તરફથી માગશર વદિ ૬ શુક્રવાર તા. ૩-૧-૭૫ના રોજ અત્રેના દાદાસાહેબ જીનાલયમાં શ્રી આત્મવલ્લભ પૂજા ભણાવી હતી અને પ્રભાવના પણ કરી હતી.

## આ સભાના નવા આજીવન સભ્ય

શ્રી જયંતીલાલ એસ. બદામી શાહ-મુંબઈ

શ્રી ગૌતમલાલ અ. શાહ-મુંબઈ

× × ×

જીવન સનાતન છે; જેમ શરીરમાં વિક્રિયા થયેલી હોય તો ઉપર ઉપરની દવાથી મટતી નથી પરંતુ વિકારો રેચદ્વારા કાઢી નાંખવાથી મટે છે અને શરીરમાં જીવનશક્તિ આવી હોવાથી લોહી હરતું ફરતું વિશેષ થવાથી વિક્રિયા નાબૂદ થાય છે, તેમ આત્મા અન્ય જન્મમાં જાય તો પણ જીવન સનાતન જીવનશક્તિનો સ્વભાવ ઉત્ક્રાંતિવાળો હોઈ કર્મના વિકારો દૂર થાય ત્યારે પૂર્વજન્મમાં એકઠા કરેલા શુભ સંસ્કારનાં બીજોનું વૃક્ષ થતાં આખરે મુક્તિરૂપ ફલ-અખંડ જીવન પ્રાપ્ત થાય છે.

× × ×


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી નારાણજી શામજી મોમાયા

### જીવનની ટૂંકી રૂપરેખા



ભગવદ્‌ગીતામાં આવતું **योगः कर्मसु कौशलम्** નું સૂત્ર જેમના જીવનમાં ચરિતાર્થ થયેલું છે, એવા શ્રી નારાણજી શામજી મોમાયાનો જન્મ માઇસોર રાજ્યના હુબલી શહેરમાં ઈ. સ. ૧૯૧૩ના મે માસની વીસમી તારીખે થયો હતો. એમના સ્વ. પિતાશ્રી શામજી-ભાઈ દશા ઓસવાલ જૈન કોમના એક અગ્રગણ્ય વ્યક્તિ, ધર્મનિષ્ઠ અને તત્ત્વચિંતક હતા. માત્ર નવ માસની ઉંમરે શ્રી નારાણજીભાઈએ તેમના પિતાની છત્રછાયા ગુમાવી અને તેમનો ઉછેર તેમના માતુશ્રી માનબાઈના હાથ નીચે થયો. તેમના માતુશ્રી અત્યંત ધર્મનિષ્ઠ અને ગુણાનુરાગી હતા. માતાપિતાના આ સંસ્કાર અને ધર્મનિષ્ઠાનો વારસો શ્રી નારાણજીભાઈને પૂરેપૂરો પ્રાપ્ત થયો છે. એબ્રહામ લિંકનની માફક શ્રી નારાણજીભાઈ પણ કહી શકે તેવું છે કે, "હું જે કંઈ છું અને હજુ થવાની આશા રાખું છું, એ બધું સર્વથા મારી માતાને આભારી છે."

દશ વર્ષની ઉંમરે નારાણજીભાઈ મુંબઇ આવ્યા અને બાબુ પન્નાલાલ સ્કૂલમાં અભ્યાસ અર્થે દાખલ થયા. તેમની મગજશક્તિ અને ગ્રહણ શક્તિ ભારે તેજ હતી, એટલે નાની વયે જ મેટ્રીકની પરીક્ષા ઉચ્ચ કક્ષામાં પસાર કરી. એ યુગમાં આઈ. સી. એસ. (Indian Civil Service)ની ડીગ્રી સૌથી શ્રેષ્ઠ ગણાતી અને નારાણજીભાઈ પણ તેજસ્વી વિદ્યાર્થી હોય આવી પરીક્ષા માટે તદ્દન યોગ્ય હતા. પરંતુ ધર્મનિષ્ઠ માતાને પુત્ર ઈંગ્લાંડ ભણવા જાય એ વાત નહોતી રૂચતી, એટલે માતૃભક્ત પુત્રે પણ એ વિચાર જતો કર્યો.

મેટ્રીકની પરીક્ષા પાસ કર્યા પછી, તેઓ તુરત જ રૂના વ્યાપારમાં જોડાઈ ગયા. ઉજ્જવલ મનુષ્યને માટે સંચિત યોવન કોશમાં 'અસફળ' નામનો કોઈ શબ્દ હોતો નથી, આ વસ્તુ શ્રી નારાણજીભાઇના જીવન પરથી સિદ્ધ થાય છે, યુવાન ઉમ્મરે જ તેમણે ધંધો જમાવ્યો અને કાયદાની આંટીઘુંટીઓ, ઈન્કમટેક્ષ, એક્સચેન્જ, કરંસી, એકાઉન્ટસ, પોલીટીક્સ અને અર્થશાસ્ત્ર જેવા અટપટા વિષયો પર ઊંડું જ્ઞાન સંપાદન કરી લીધું.

ઈ. સ. ૧૯૪૨માં માત્ર ૨૯ વર્ષની ઉંમરે તેઓ વિશ્વ વિખ્યાત મેસર્સ ખીમજી વિસરામ કંપનીમાં ભાગીદાર તરીકે જોડાયા અને રૂના ધંધામાં પ્રશંસનીય પ્રગતિ સાધી. ભારતમાં જુદા જુદા સ્થળે ઉત્પન્ન થતાં રૂની પરખના તેઓ એક પ્રખર નિષ્ણાત છે. આ મશહુર પેઢીના તેઓ એક અગ્રગણ્ય સુકાની છે. આ ઉપરાંત તેઓ 'કે. વી. કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ' ફેકટરીના ડીરેકટર છે. મેસર્સ નારાણજી શામજી કાં. તેમજ મેસર્સ પુરષોત્તમ નારાણજી કંપનીઓમાં તેઓ ભાગીદાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુપ્રસિદ્ધ લેખક રોમાંરોલાંએ કહ્યું છે કે, "જગતની તમામ કલાઓમાં જ્ઞાન એ ઉત્તમોત્તમ કળા છે, પણ એ જ્ઞાન એવું હોવું જોઈએ, કે જેનાંથી પોતાનું તેમજ સાથોસાથ અન્યનું પણ કલ્યાણ સાધી શકાય". આવું જ્ઞાન શ્રી નારાણજીભાઇએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવેલ છે. ભારત સરકારના રૂ ઉપરના નિયંત્રણના કારણે નિરક્ષર અને ગરીબ ખેડૂતોનુ શોષણ થતું હતું. ઈ. સ. ૧૯૬૨માં નારાણજીભાઇએ 'Memorandum for the Removal of free control on conton' તૈયાર કરી, જુદી જુદી ભાષામાં તેનો તરજુમો કરાવી, એ લાખથી વધુ રૂ ઉગાડનારા ખેડૂતો પાસે તેની પર સહી કરાવી, ભારતના વડા પ્રધાન જવાહરલાલ નહેરૂ પર મોકલાવ્યું હતું. સાથો સાથ 'Raw cotton economy'ના શિર્ષક નીચે એક પ્રકાશન પણ મોકલાવ્યું. આના પરિણામે ગરીબ ખેડૂતોને કરોડો રૂપિયાનો ફાયદો થયો. રૂના ભાવમાં મોટો વધારો થયો અને પછી તો આ નિયંત્રણ પણ રદ કરવામાં આવ્યું.

શ્રી નારાણજીભાઈ કૃષિ પ્રેમી છે અને પોતાની માતૃભૂમિ કચ્છમાં ૩૦૦ એકર જમીનમાં અદ્યતન પદ્ધતિથી 'મોમાયા ખેતી કેન્દ્ર' ચલાવે છે, જેની વ્યવસ્થા તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી. કુલીનકાંતભાઇ સંભાળે છે. જૈન ધર્મ અને તત્ત્વ જ્ઞાનમાં શ્રી નારાણજીભાઇ અસીમ રસ ધરાવે છે. જીવ વિચાર, નવતત્ત્વ અને કર્મ-ગ્રંથોના તેઓ ઊંડા અભ્યાસી છે. વાંચન, ઘોડેસ્વારી, તરવું અને બંદુકબાજી તેમના શોખના વિષયો છે. હીરાની પરખમાં તેઓ નિષ્ણાત છે. યોગ તેમનો પ્રિય વિષય છે અને યોગના વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન આપી શકે તેવું તેમનું બહોળું જ્ઞાન છે. યોગના આસનો દ્વારા, તેમણે પોતાના તનની તંદુરસ્તી અને મનની સ્વસ્થતાને એવા જાળવી રાખ્યા છે, કે આજે બાસઠ વર્ષની વયે પણ તેઓ એક યુવાનની માફક કામ કરી શકે છે. માટુંગામાં ભાઉદાજી રોડ પર તમામ શાકાહારી ભાઇઓને, ધાર્મિક-સામાજિક-સાંસ્કૃતિક કાર્યક્રમોની સગવડતા આપતી 'શ્રી નારાણજી શામજી મહાજનવાડી' એમની બુદ્ધિમતા અને વ્યવહાર કૌશલ્યના એક પ્રતિક રૂપ છે. ઇ. સ. ૧૯૬૭માં ભદ્રેશ્વર તીર્થમાં શ્રી અખિલ ભારત અચલગચ્છિય ચતુર્વિધ જૈન સંઘના અધિવેશન વખતે, પ્રમુખપદેથી સંઘને આગળ લાવવાં તેમણે પ્રેરક અને મનનીય પ્રવચન આપ્યું હતું. તેઓશ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના પ્રમુખ છે અને ઓલ ઈન્ડીઆ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના ઉપ-પ્રમુખ છે. ઈ. સ ૧૯૬૯-૭૦માં કચ્છમાં પડેલા દુષ્કાળ વખતે, અચલ-ગચ્છ સંઘના આશ્રયે 'વસ્તુપાલ તેજપાલ' નાટક ભજવી, કચ્છની પ્રજાની સહાય અર્થે રૂપિયા અઢી લાખની રકમ એકઠી કરી હતી. તેઓ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રાદેશિક સભ્ય છે, શ્રી ભારત જૈન મહા-મંડળની કારોબારી સમિતિના એક સભ્ય છે અને સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દહેરાસર માટુંગા તેમજ વરાડીઆ દહેરાસરના મેનેજીંગ ટ્રસ્ટી છે.

શ્રી નારાણજીભાઈના સુશીલ પત્ની શ્રી. નિર્મળાબહેન એક આદર્શ ગૃહિણી અને લલિત કળાઓના પ્રેમી છે. તેમના જયેષ્ઠ પુત્ર શ્રી. કુલીનકાન્ત ચિત્રકળા તેમજ અદ્યતન ખેતીના નિષ્ણાત છે. તેમના બીજા પુત્ર શ્રી પૃથ્વીરાજ બી. કોમ. થઈ તેમની સાથે ધંધામાં જોડાઇ ગયા છે. એમના મોટી પુત્રી શ્રી. ઇન્દિરાબેન B. Com. ની પદવી મેળવનાર એમની જ્ઞાતિમાં સૌથી પ્રથમ છે. બીજા પુત્રી શ્રી લીલાવતીબહેને B. A. (Hon) પાસ કરી મહારાષ્ટ્ર રાજ્યમાં B. G. L. L L. B.માં સતત બે વર્ષ સુધી પ્રથમ વર્ગમાં પ્રથમ આવી સરકારી લો કોલેજના અનેક માન ચાંદા પ્રાપ્ત કર્યા છે. સૌથી નાની પુત્રી અનુપમાબેન અભ્યાસ કરે છે. આમ આખુયે કુટુંબ કેળવણી પ્રેમી અને સંસ્કારી છે.

શ્રી નારાણજીભાઈ જેવા ધર્મનિષ્ઠ અને કર્મયોગી મહાનુભાવ આ સભાના પેટ્રન થયા તે માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે લોકકલ્યાણના અનેક કાર્યો થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ પોષ ∴ ઈ. સ. ૧૯૭૫ જાન્યુઆરી [ અંક : ૩


## જીવનનું મૂલ્ય

(મન્દાક્રાન્તા)

રસ્તે જાતાં સુભગ દીઠું મેં પુષ્પ એ એક ત્યાં તો,
ડોલન્તું તે, પવન લહરીમાં રમન્તુ હતું ને.

ફેલાવન્તું સકળ દિશમાં, સૌરભ સ્વાત્મનીને,
અર્પે શોભા સ્થળ સકળને આત્મસૌન્દર્યથી તે.

પૂછ્યું મ્હેં તો, "અતિ સરસ હે પુષ્પ ! ખીલ્યું ભલે તું,
શાન્તિ દેતું શ્રમિત મનને મીઠી સૌરભ વડે ને.

વર્ષે વિશ્વે ઝરણ મધુરું પ્રેરણામૃતનું તું,
આવું સારું જીવન પણ હે ! કેટલું અલ્પ તારું ?

પુષ્પ પ્યારા ! દિનકર તણો અસ્ત થાતાં પહેલાં,
કરમાવાનું તવ નશીબમાં શું નહીં છે, લખાયું ?"

પ્રત્યુત્તરમાં સ્મિત મુખ કરી પુષ્પ એ ત્યાં વદીયું,
"ના ના જાણ્યો જીવનપથનો મર્મ હે સુજ્ઞ બંધુ !

(અનુષ્ટુપ)

નજીવો પ્રશ્ન એ છે કે 'કેટલું જ જીવ્યા ત્હમે' ?
ભાઈ એ પ્રશ્ન પૂછો કે 'કેવી રીતે જીવ્યા ત્હમે' ?"

—અનંતરાય જાદવજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મલ્લિનાથ

-: લેખક :-

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા-મુંબઇ.

અનેક વરસો પહેલાંની આ ઐતિહાસિક ઘટના છે. વિદેહની રાજધાની મિથિલામાં એ વખતે કુંભ નામનો રાજા રાજ્ય કરતો હતો અને તેને પ્રભાવતી નામે રાણી હતી. મલ્લિ નામની તેમની પુત્રી રૂપ, ગુણ અને શીલના ભંડારરૂપ હતી. પુત્રી જ્યારે માતાની કૂંખમાં હતી ત્યારે માતાને પુષ્પની શય્યાનો દોહદ થયો હતો અને તેથી પુત્રીનું નામ મલ્લિકુમારી રાખ્યું હતું. સર્વોત્કૃષ્ટ યૌવન પ્રાપ્ત થતાં પુત્રીના હાથ પીળા કરવા માતા પ્રયત્ન કરતી હતી પણ મલ્લિકુમારી સંસારનું સ્વરૂપ અને જીવનની અનિત્યતા વિષે અભિજ્ઞ હતી એટલે સંસારના કહેવાતા સુખોથી અલિપ્ત રહેવાનો તેનો દ્રઢ નિર્ધાર હતો.

બાહ્ય રીતે તો પુરૂષ માત્ર સ્ત્રીને જગતજનની–જગદંબાના મોટા નામથી બીરદાવે છે, ધારિત્રી જેવી સહિષ્ણુ અને તપસ્વિની કહી તેની પ્રશંસા કરતો હોય છે, પણ આંતરમનમાં તો સ્ત્રીને રૂપની પૂતળી અને ભોગ્ય વસ્તુ જ તે માનતો હોય છે. અનાદિકાળથી પુરૂષજાતિએ સ્ત્રીજાતિ સાથે આવો છેતરપિંડી ભર્યો જ વહેવાર ચલાવે રાખ્યો છે. સ્ત્રીઓ માટે આ જગતમાં અનેક યુદ્ધો લડાયા છે. સ્ત્રીને પ્રાપ્ત થતું અતિ રૂપ આશીર્વાદરૂપ છે કે શાપરૂપ એ પણ એક કોયડો છે. મલ્લિકુમારીના રૂપની ખ્યાતિ સાંભળી કોશલના રાજવી પડિબુદ્ધિ, અંગના રાજા ચંદ્રચ્છાય, કાશીના રાજા શંખ, કુણાલના રાજવી રૂપ્પિ, કુરુનો રાજા અદીનશત્રુ અને પંચાલના રાજા જિતશત્રુએ પોતપોતાના દૂતો દ્વારા રાજકુમારીના હાથની માગણી કરી હતી, અને એમ કરવામાં નહિ આવે તો યુદ્ધ જાહેર કરવાનો ભય પણ દેખાડયો હતો.

મલ્લિકુમારીને લગ્ન કરી લેવા માટે સમજાવવાનું કામ કુંભરાજાએ પોતાની રાણી પ્રભાવતીને સોંપ્યું. જીવનની આવી મહત્ત્વની વાતમાં પુત્રી જેટલાં અંશે પોતાનું દિલ માતા પાસે ખુલ્લું કરી શકે છે, તેટલું પિતા સમક્ષ નથી કરી શકતી. માતાએ જ્યારે પુત્રી પાસે લગ્નની વાત રજૂ કરી ત્યારે રાજકુમારીએ તે વાત પર લક્ષ ન આપતાં ત્યાગ–તપ–સંયમનો માર્ગ ગ્રહણ કરવાની ઈચ્છા બતાવી. રાજકુમારીની વાત સાંભળી માતા કંપી ઊઠી. પુત્રી પરના અથાગ રાગના કારણે માતાએ તેને સંયમધર્મના પાલનની દુષ્કરતા સમજાવી ત્યારે મલ્લિકુમારીએ વિષણ્ણ હૈયે કહ્યું, 'માતા! દેહસ્ય સારં વ્રત ધારણશ્ચ–માનવદેહ આપણને વ્રત, પચ્ચખ્ખાણ, ત્યાગ, તપ, નિયમ, ઈંદ્રિયદમન અને મનોનિગ્રહ માટે જ પ્રાપ્ત થયો છે. સંસારના ભોગોમાં દેખાતાં સુખો તો માત્ર સુખાભાસ છે. કામભોગોને ઈચ્છનારો માનવી વાસ્તવિક રીતે તો રોગોની જ ઈચ્છા કરતો હોય છે. ભોગ અને રોગ એ બંને એકજ સીક્કાની બે બાજુ છે. ઈન્દ્રિયો, સ્પર્શાદિ વિષયો, ક્રોધાદિ કષાયો, ભૂખ–તરસરૂપી પરિષહો, વેદના અને વિઘ્નો આ બધાં મોક્ષમાર્ગમાં આડે આવતાં એવા સ્થાનો છે, કે જ્યાં વિપરીત બુદ્ધિવાળો, સુખાળવો જીવ શિથિલ થઈ જાય છે. પણ લોકજગત જરા–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મરણ–વ્યાધિ–આધિ–ઉપાધિથી લિપ્ત થઈ બળીજળી રહ્યું છે. આમાંથી બચવાનો માર્ગ માત્ર ત્યાગ–તપ–સંયમના માર્ગે જવાનો છે.' માતાએ પુત્રીને સમજાવતાં કહ્યું, 'માનવજીવન માટે સૌથી શ્રેષ્ઠ માર્ગ ત્યાગ-તપ-સંયમનો છે એ વાત સાચી, પણ તારું આવું સુકોમળ શરીર આટલી નાની વયે ત્યાગધર્મમાં અનુભવવા પડતાં પરિષહો કેમ કરી સહન કરી શકશે? અને હજુ તો સમગ્ર જીવન તારી પાસે પડયું છે. ગૃહસ્થાશ્રમ ભોગવી લીધા પછી શું દીક્ષા અંગીકાર નથી કરી શકાતી?'

રાજકુમારીએ કરૂણાર્દ્રભાવે કહ્યું, 'માતા! પરિષહો તો મારા અને તમારા જીવે કયાં ઓછા સહન કર્યા છે? નારકીના અવતારમાં ત્યાંના ક્ષેત્રમાં આપણા જીવે અસહ્ય પીડા અને તીવ્ર વેદનાઓ સહન કર્યાં છે. સંસારમાં કશું જ સ્થિર નથી, બધુંજ અસ્થિર અને પરિવર્તનરૂપ છે. 'સંસરણશીલઃ સંસાર' સંસરવું–વહેવું, એક સ્થાનેથી બીજે સ્થાને જવું એ જેનો સ્વભાવ છે તે સંસાર આપણે સૌ દેહની સંભાળ રાખી તેને સુરક્ષિત રાખવા ઈચ્છીએ છીએ, પણ જગતમાં જેણે જન્મ લીધો છે તેવા કોઈપણ માનવનો દેહ સદા કાળ માટે સુરક્ષિત રહી શકયો છે? જગતમાં સર્વ દૃશ્યમાન વસ્તુઓ પુદ્ગલ સ્વરૂપ છે–આપણો દેહ સુદ્ધાં. પુદ્ગલનો અર્થ જ પૂરાવું–મળવું–ગળી જવું અને વિખેરાઇ જવું એવો થાય છે. જીવનની પાછલી અવસ્થામાં ત્યાગધર્મના પંથે જવું અને યૌવનઅવસ્થામાં ભોગોમાં રચ્યાપચ્યા રહેવું, એ નરી બેવકૂફી નથી તો બીજું શું છે? મને આપ પ્રેમભાવે મારા આત્માના શ્રેયાર્થે દીક્ષા લેવાની રજા આપો! ત્યાગ–તપ–સંયમ એ તો યૌવનવયની શોભા છે. તે વૃદ્ધાવસ્થા માટે અનામત ન રાખી શકાય. માનવના આયુષ્યનો શો ભરોસો?'

પ્રભાવતી પાસેથી પુત્રીના વિચારો જાણી કુંભરાજા શોકમગ્ન રહેવા લાગ્યો. તેને ખાતરી હતી કે પુત્રીના આવા વલણના કારણે અન્ય રાજાઓ વહેલા મોડા મિથિલાને સંતાપ્યા વિના નહિ રહે. યુદ્ધને દૂર રાખવા સારામાં સારો માર્ગ મલ્લિકુમારીના લગ્ન કોઈ પણ રાજવી સાથે કરી નાખવાનો હતો. પણ પ્રાણથીયે અધિક પ્રિય એવી પુત્રીના લગ્ન તેની ઈચ્છા વિરુદ્ધ કરી પણ કેમ શકાય? પુત્રીનું મન દુભાય એવું કરવાની માતા પિતાની તૈયારી નહોતી.

રાજાઓએ રાજકુમારીના હાથની માગણી કરી હતી તે બધી વાત મલ્લિકુમારીના જાણવામાં આવી, એટલે તેણે વિચાર્યું કે વાસનામાં અંધ બનેલા આ રાજાઓ મિથિલા પર ચઢાઈ કર્યા વિના નહિ રહે. એવા પ્રસંગે આ બધા રાજાઓને શાંત કરી સંયમના માર્ગે દોરવવા મલ્લિએ એક યોજના વિચારી લીધી. પોતાના મહેલના એક ભવ્ય અને વિશાળ ઓરડાની મધ્યમાં તેણે પોતાની એક આબેહુબ સુવર્ણમૂર્તિ તૈયારી કરાવીને મૂકાવી. આ મૂર્તિ અંદરથી પોલી હતી અને તેના મસ્તકના ભાગમાં કમળના ઘાટવાળું એક ઢાંકણ હતું. કોઇ પણ જોનારને એ મૂર્તિ સાક્ષાત્ મલ્લિકુમારી પોતેજ ઉભા હોય તેવુ લાગતું. રાજકુમારી આ મૂર્તિના પેટમાં પોતે જે ખાદ્ય પદાર્થ વાપરતી તેનો થોડો ભાગ નાખતી અને મૂર્તિ જ્યારે પૂરેપૂરી ખાદ્ય પદાર્થોથી ભરાઈ ગઇ ત્યારે પેલા કમળના ઘાટવાળું ઢાંકણ તેના પર મજબૂત રીતે બંધ કરી દીધું.

બીજી તરફ કુંભરાજા પાસે મોકલેલ દૂતોને કોઇ સંતોષકારક જવાબ ન મળતાં પેલા છએ રાજાઓ પોતાનું લશ્કર તૈયાર કરી મિથિલાની નજીક આવી પહોંચ્યા. સત્તા વડે કદાચ બધું જ પ્રાપ્ત થઇ શકતું હશે, પણ સ્ત્રી પર સ્વામિત્વ સત્તા વડે કદી પ્રાપ્ત કરી શકાતું નથી, એ વાત વાસનારંગી રાજાઓના ધ્યાનમાં ન રહી. એક સાથે છ સત્તાઓ સામે યુદ્ધ કરવામાં કુંભરાજા ફાવી શકે નહીં એ વાત તો દીવા જેવી સ્પષ્ટ હતી. કુંભરાજાને ચિંતાનો કોઇ પાર ન રહ્યો અને હવે શું કરવું તેની મૂંઝવણમાં પડયો.

મલ્લિકુમારી બધી પરિસ્થિતિ સમજી ગઈ. અવધિજ્ઞાનથી છએ રાજાઓ સાથે પૂર્વભવમાં તેને શું સંબંધ હતો તે પણ તેના જાણવામાં આવી ગયું. પિતાની મૂંઝવણ તેનાથી છાની ન રહી. પિતાની પાસે જઈ અત્યંત શાંત અને વિનમ્રભાવે તેણે કહ્યું,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'પિતાજી ! મારા નિમિત્તે અગર કોઈ અન્ય કારણે તમારે યુદ્ધ લડવું પડે એમ હું નથી ઈચ્છતી, તમે છએ રાજવીઓને આપણા મહેલમાં આવવા આમંત્રણ આપો. હું તેઓની સાથે ચર્ચા કરીશ અને વગર યુધ્ધે આ વાતનો નિવેડો આવી જાય એવી મેં યોજના કરી છે.'

કુંભરાજાએ આવી વ્યવસ્થા ગોઠવી એટલે છએ રાજાઓ બનીઠનીને મલ્લિને મળવા મહેલમાં ગયા. છએ રાજાઓને મલ્લિની સુવર્ણમૂર્તિવાળા ઓરડામાં લઈ જવામાં આવ્યા. રાજાઓ તો મલ્લિનુ રૂપ જોઈ વધુ લુબ્ધ થયા. તેઓએ તો મૂર્તિને સાક્ષાત્ મલ્લિજ માની લીધી. પણ ત્યાં તો મલ્લિકુમારીએ પાછળના ભાગમાંથી ઓરડામાં પ્રવેશ કર્યો. ક્ષણભર તો એ મલ્લિકુમારીઓને જોઇ સૌ સ્તબ્ધ થઈ ગયા. રાજકુમારીએ આવી પેલી મૂર્તિ ઉપરનું ઢાંકણ ખોલ્યું. ત્યાં તો અંદરથી ભારે દુર્ગંધ બહાર આવી અને બધા રાજાઓએ વસ્ત્રના છેડા વડે નાક ઢાંકયું. એ વખતે મલ્લિકુમારીએ રાજાઓને કહ્યું, "હે રાજાઓ ! વિવિધ પ્રકારના મણિઓથી જડેલી આ સુવર્ણમૂર્તિ છે. તેમાં પણ આહારનો પિંડ નાખવાથી આવી દુર્ગંધ નીકળે છે, તો જે દેહ શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થાય છે તેવા દેહને માટે શું કહેવું ? મૂર્તિમાંથી આવતી દુર્ગંધના કારણે તમે ત્રાસ પામી ગયા, પણ એવા જ દુર્ગંધી પદાર્થોનું મારું શરીર બનેલું છે અને છતાં મારા દેહ પર આપ સૌ મોહી પડયાં છે. જેટલા પ્રમાણમાં દેહાસકિત તેટલા પ્રમાણમાં દુઃખ. દેહવાસના થાય ત્યારે દેહના બાહ્યસ્વરૂપનો વિચાર કરવાને બદલે ભીતરના સ્વરૂપનો વિચાર કરવો જોઇએ. માનવદેહ–સ્ત્રી તેમજ પુરુષનો પણ-અશુચિથી જ ભરેલો છે. દેહ જો પારદર્શક હોય તો તેના પ્રત્યે આકર્ષણ થવાની વાત તો એક બાજુએ રહી, પણ તેની સામે જોવાનું મન પણ ન થાય. દેહમાં વાળ. લોમ, નખ, દાંત, ચામડી, માંસ, સ્નાયુ, હાડકાં, અસ્થિ, મજ્જા, પરુ, લોહી, સ્વેદ, મેદ, થૂંક, નાકમાંનો મેલ, સાંધામાં રહેલો ચીકણો પદાર્થ અને મૂત્ર ઈત્યાદિ ગંદા પદાર્થો રહેલા છે. દેહની ભીતરમાં જોતાં શીખો, બાહ્યસ્વરૂપ તો લલચામણું છે, પણ તે મેઘધનુષ્ય જેવું ક્ષણિક અને પળ માત્રમાં પરિવર્તન પામવાના સ્વભાવવાળું છે. છે. એનો વળી મોહ શો ?"

અગ્નિની સામે જેમ મીણ ઓગળી જાય, તેમ મલ્લિ સામે છએ રાજાના મનનું પરિવર્તન થવા લાગ્યું. પછી રાજકુમારીએ તેઓને કહ્યું, "મહાનુભાવો ! કારણ વિના કોઇ કાર્ય બનતું નથી. આજે આપણે સૌ અહિં મળીએ છીએ તેમાં પણ પૂર્વનો ઋણાનુબંધ–કારણ અને કાર્યની સંકલના રહેલી જ છે. પૂર્વે વીતશોકા નગરીમાં મહાબળ નામે રાજા હતો. બાલ્યાવસ્થાથી જ તેને અચલક, ધર, પૂરણ, વસુ, વૈશ્રમણ અને અભિચંદ્ર નામના છ મિત્રો હતા. હતા. મહાબળે પોતાના પુત્રને રાજગાદી પર સ્થાપન કરી છએ મિત્રો સાથે વરધર્મમુનિની પાસે દીક્ષા લીધી. સાતે વચ્ચે એવી સમજુતિ હતી કે તેઓ પૈકી કોઇ એક જણ જે તપ કરે તે તપ બીજા સર્વેએ પણ કરવો. ' ' આજે મને મસ્તકમાં પીડા છે.' ' આજે ઉદરમાં ઠીક નથી,' 'આજે ક્ષુધા લાગી નથી' આ પ્રમાણે માયા કરીને વંચના કરતો મહાબળ સાધુ સૌ કરતાં અધિક તપ કરતો હતો. સાતે મિત્રો મૃત્યુ બાદ વૈજયંત નામના વિમાનમાં દેવો થયા અને ત્યાંથી ચ્યવીને આપણે સૌ અહિં ભરતક્ષેત્રમાં આજે પાછા ભેગા થયા છીએ.'

આછા સ્મિતપૂર્વક રાજકુમારીએ આગળ કહ્યું, 'મહાનુભાવો ! વર્તમાનના પ્રતિબુદ્ધ રાજા એજ અચલકનો જીવ. ચંદ્રચ્છાય રાજાએ ધરણનો જીવ. રૂક્મિ રાજા એ પૂરનો જીવ. શંખ રાજા એ વસુનો જીવ. અદીનશત્રુ રાજવી એ વૈશ્રમણનો જીવ અને જિતશત્રુ રાજા એ અભિચંદ્રનો જીવ. એ વખતે હું પોતે જ અર્થાત્ મારો જીવ મહાબળ હતો અને આપણે સાતેયે સાથે તપ કર્યું હતું. પછી દેવલોકમાં વાસ કરી આ જન્મે આપણે સૌ પાછા આજે આ ક્ષેત્રમાં ભેગા છીએ.'

મલ્લિકુમારીની વાત સાંભળી છએ રાજાઓને

( અનુસંધાન પાના ૪૦ ઉપર જુઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાદ્ધ પ્રતિક્રમણનાં સૂત્રો, નામાન્તરો અને વિષય વૈવિધ્ય

લે. હીરાલાલ ર. કાપડીયા

( ઓગસ્ટ ૭૪ પૃષ્ટ ૧૧૩ થી ચાલુ )

પર. અજિય-સન્તિ-થય=અજિત-શાન્તિ-સ્તવ.

અજિતનાથ અને શાન્તિનાથ એ બંનેનો નિર્ભય, નિષ્પાપ, જગદ્ગુરુ, અને શાન્તિ કરનાર તરીકે ઉલ્લેખ અને બંનેને વન્દન.

અમંગળ ભાવોથી મુક્ત, વિપુલ તપ વડે નિર્મળ ર ભાવવાળા, અનુપમ માહાત્મ્યવાળા અને સદ્ભાવના સમ્યગ્ દ્રષ્ટા એવા એ બંને તીર્થંકરોની સ્તુતિની પ્રતિજ્ઞા.

સર્વ દુઃખો અને પાપોના પ્રણાશક તેમજ અજિત શાન્તિ ધારણ કરનારા એવા એ બે તીર્થંકરોને નમસ્કાર.

અજિતનાથનો પુરુષોત્તમ તરીકે ઉલ્લેખ કરી એમના નામ કીર્તનના ફળ તરીકે શુભ (સુખ) અભિ અને ધૃતિનું એ ત્રણેના પ્રવર્તનનો નિર્દેશ. શાન્તિનાથને 'જિનોત્તમ' કહી એમના નામકીર્તનનું પણ એજ ફળ હોવાનું કથન.

બંને તીર્થંકરોના નમસ્યન-પૂજનનો મહિમા અને એમના શરણથી લાભ, કર્તાએ પણ શરણ સ્વીકારી અજિતનાથનું કરેલું ફળદાયક ઉપનયન-ઉપાસન. અજિતનાથની સુનય અને નય અંગેની નિપુણતા.

શાન્તિનાથનો આર્જવ, માર્દવ, ક્ષાન્તિ, વિમુક્તિ અને સમાધિના ભંડાર તરીકે નિર્દેશ અને શાન્તિ અને સમાધિ માટે તેમને પ્રાર્થના. પિંડસ્થાદિ ત્રણ અવસ્થાની ભાવનાનો અનુક્રમે પ્રારંભ. અજિતનાથનો ક્ષત્રિય કુળમાં જન્મ, શ્રાવસ્તીના એઓ નૃપતિ, શ્રેષ્ઠ સંહનન, એમનાં છાતી, ચાલ, હાથ, વર્ણ, લક્ષણો અને વાણીની પ્રશંસા.

શાન્તિનાથના કુળની ઉચ્ચતા અને હસ્તિનાપુરનું એમનું આધિપત્ય. ચક્રવર્તી તરીકે એમનો વૈભવ-સમૃદ્ધિ અને શાન્તિ માટે એમને યાચના.

અજિતનાથનો ચૌદ વિશેષણોપૂર્વક ગૌરવાંકિત ઉલ્લેખ, એમના શરણનો સ્વીકાર અને એમને પ્રણામ.

શાન્તિનાથને અંગે નવ વિશેષણો, એ પૈકી એક

વિશેષણ દ્વારા એમની શક્તિ, કીર્તિ, દીપ્તિ, મુક્તિ, યુક્તિ અને ગુપ્તિની પ્રવરતાનો નિર્દેશ.

બંને તીર્થંકરોની 'પિંડસ્થી' અવસ્થાનાં બબ્બે પદ્ય દ્વારા એમનું વર્ણન. ત્યારબાદ બંનેની 'પદસ્થ' અવસ્થાનાં બબ્બે પદ્ય દ્વારા નિરૂપણની શરૂઆત: નિર્મળ ચન્દ્રકળાથી અધિક સૌમ્ય, અંધકાર. આવરણથી મુકત સૂર્યનાં કિરણો કરતાં વધારે તેજસ્વી, મેરુ ઇન્દ્રોના સમૂહ કરતા અધિક રૂપવાળા અને ' મેરુ ' કરતાં અધિક ક્ષાર (સત્ત્વ)વાળા તેમજ આત્માના, અને શરીરના બળમાં તથા તપના અને સંયમમાં પણ અજિત છે એ પ્રમાણે અજિતનાથનો પરિચય.

શાન્તિનાથના સૌમ્ય ગુણોને શરદ્ઋતુનો નવીન (પૂર્ણ) ચન્દ્ર, યોગના તેજરૂપ ગુણોને શરદ્ઋતુનો પ્રખર સૂર્ય, એમના રૂપગુણોને કે ઇન્દ્રો અને એમના સારરૂપ ગુણોએ 'મેરુ' પહોંચી શકે તેમ નથી એ પ્રમાણેનું એમનું વર્ણન. ઉત્તમ તીર્થના પ્રવર્તક, અજ્ઞાનરૂપ અંધકારથી અને મોહરૂપ રજથી મુક્ત, ધીર જનોથી સ્તવાયેલા અને પૂજિત, કલહની શ્યામતાથી મુક્ત, શાન્તિના સુખના પ્રવર્તક એવા મહામુનિ શાન્તિનાથના શરણનો સ્તોત્રકારે લીધેલો આશ્રય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમ્ર ઋષિઓ વડે સ્તવાયેલા, ઈન્દ્રો, કુબેર અને નરપતિ દ્વારા સ્તવાયેલા વંદિત અને પૂજિત. તપવડે શરદના નવિન સૂર્યથી વિશેષ કાંતિવાળા ચારણ મુનિઓ અને શ્રમણસંઘથી વન્દિત, ભવનપતિઓ, વ્યન્તરો અને વૈમાનિક દેવવડે સ્તવાયેલા ભય, પાપ, અને કર્મથી અને રોગથી મુક્ત અને અજિત એવા અજિતનાથને પ્રણામ.

શાન્તિનાથના પ્રણામાર્થે આવેલા સુરો અને અસુરો, તેમનાં વાહનો, અલંકારો અને ભક્તિભાવ. વાહનો તરીકે વિમાનો, રથો અને અશ્વો, અલંકારો નીચે મુજબ હ. ા.

કુંડળ, બાજુબંધ અને મુગટ.

સુરો અને અસુરોના સંઘોનું શાન્તિનાથને વન્દન કરી, સ્તવી, ત્રણ પ્રદક્ષિણા દઈ તેમજ ફરીથી નમીને પાછા ફરવું. સ્તોત્રકારે રાગ, દ્વેષ અને મોહથી મુક્ત, ઈન્દ્રો વગેરે દ્વારા પૂજિત, મહાતપસ્વી અને મહામુનિ શાન્તિનાથને અંજલિપૂર્વક કરેલો નમસ્કાર.

અજિતનાથને ભક્તિપૂર્વક વંદન કરવા આવેલી દેવસુન્દરીઓ, એ આકાશમાં વિચરનારી, સુન્દર ચાલવાળી, મનોહર દર્શનવાળી, ભવ્ય અને સમપ્રમાણ નયનાદિવાળી, કટિમેખલા, ઘૂઘરીવાળાં નૂપુરો અને સતિલય (ટપકીવાળાં) વલયો રૂપ આભૂષણોથી મંડિત, કાજળ, તિલક અને પત્ર લેખા વડે શોભતી અને નાટ્યો કરવાને તત્પર હતી એવું એજ અપ્સરાઓનું વર્ણન અને સ્તોત્રકારે ત્રિવિધ પ્રણિધાનપૂર્વક શાન્તિનાથને કરેલો પ્રણામ.

ઋષિઓ, દેવો અને દેવાંગનાઓ વડે સ્તવિત અને વન્દિત તેમજ ઉત્તમ શાસનવાળા શાન્તિનાથને વંદન કરવા આવેલી અનેક શ્રેષ્ઠ અપ્સરાઓ રતિગુણમાં કુશળ, વાંસળી, વીણા, તાલ (કાંસી જોડાં), [1]ત્રિપુષ્કરથી સજ્જ, ગીત, વાદન અને નૃત્યમાં પ્રવીણ, પાદમલની ઘૂઘરીઓ બજાવતી, મલયો, કટિમેખલા અને નૂપુરના શબ્દોને મિશ્ર કરતી દેવનર્તિકાઓનું હાવ, ભાવ, વિભ્રમ અને અંગહારો પૂર્વકનું નૃત્ય. શાન્તિકારક, પાપો અને દોષોથી મુક્ત ઉત્તમ તીર્થંકર શાન્તિનાથને સ્તોત્રકારે કરેલું નમન.

અજિતનાથ અને શાન્તિનાથની ભેગી સ્તુતિ: છત્ર, ચામર, પતાકા, ધૂપ (સ્તંભ), જળ, ધ્વજ, મગર, અશ્વ, શ્રીવત્સ, તપ, સમુદ્ર, 'મેરુ' (પર્વત) દિગ્ગજ, સ્વસ્તિક, વૃષભ, સિંહ, રથ અને ચક્ર એમ ૧૮ લક્ષણોથી લક્ષિત, સ્વભાવે સુન્દર, સમભાવ–ભાવી, નિર્દોષ, સગુણી, કૃપાળુ, તપસ્વી, લક્ષ્મીને ઈષ્ટ, ઋષિઓથી સેવિત, પાપનાશક, હિતચિન્તક એવા ઉપર્યુક્ત તીર્થંકરો મને મોક્ષનું સુખ આપો એવી સ્તોત્રકારની તેમને પ્રાર્થના.

તપોબળથી વિશિષ્ટ કર્મરજથી વિમુક્ત અને શાશ્વતગતિને પામેલા એવા ઉપર્યુક્ત બે તીર્થંકરોની સ્તુતિરૂપ પ્રતિજ્ઞાનું પાલન. બહુ ગુણોથી યુક્ત તેમજ મોક્ષનું સુખ આપી વિવાદને હરનારા એ તીર્થંકરો મારો વિષાદ હઠાવો અને મને કર્મબંધનથી રહિત બનાવી શિવસુખનો ભોક્તા બનાવો એવી સ્તોત્રકારની તેમને વિજ્ઞપ્તિ. આ સ્તવને સારી રીતે ભણનારને હર્ષ પમાડો, એના પ્રણેતા નન્દિષેણને આનંદ આપો. એના શ્રોતાઓને સુખ અને સમૃદ્ધિ આપો અને મારા સંયમમાં વૃદ્ધિ કરો એવી સ્તોત્રકારની અંતિમ અભ્યર્થના

ઉપસર્ગનું નિવારણ કરનારા આ સ્તવ પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરીક આ વિવિધ પ્રતિક્રમણમાં અવશ્ય ભણવાની અને સાંભળવાની ભલામણો ફળશ્રુતિ અને જિનવચનના આદરનો પ્રભાવ.

૫૩ બૃહચ્છાન્તિ=બૃહચ્છાન્તિ પર્વસ્તવ=બૃહચ્છાન્તિ સ્તોત્ર=વૃદ્ધશાન્તિ=વૃદ્ધશાન્તિસ્તવ.

ભવ્યોને આ સર્વ પ્રસ્તુત વચન સાંભળવાનું સૂચન.

ત્રિભુવનગુરૂની (રથ) યાત્રામાં જે શ્રાવકો ભક્તિવંત છે તેમને તીર્થંકરાદિના પ્રભાવથી આરોગ્ય, લક્ષ્મી, ધૃતિ અને બુદ્ધિને આપનારી તેમજ (સર્વ) ક્લેશોના નાશના કારણરૂપ શાન્તિ હો એવી ભાવના.

૧. મૃદંગ, પણવ અને દર્દુર એવાં ત્રણ ચર્મથી મઢેલાં ત્રણ વાદ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે ભવ્યજનો ! ભરતાદિ ક્ષેત્રોમાં જન્મેલા સર્વ તીર્થંકરોના જન્મ સમયે (સૌધર્મેન્દ્રનું) આસન કંપતા એ અવધિજ્ઞાનથી વસ્તુ સ્થિતિ જાણી 'સુઘોષા' ઘંટા વગડાવી બધા ઇન્દ્રોની સાથે આવી તીર્થંકર ભટ્ટારકને વિનયપૂર્વક ગ્રહણ કરી, મેરૂના શિખરે જઈ જન્માભિષેક કરી શાન્તિની ઉદ્‌ઘોષણા કરે છે તેમ હું ભવ્ય જનો સાથે આવીને સ્નાત્રપીઠે સ્નાત્ર કરી. શાન્તિની ઉદ્‌ઘોષણા કરૂં છું તો પૂજા, યાત્રા અને સ્નાત્રાદિનો મહોત્સવ કરી કાન દઇને સાંભળવાનું ભવ્ય જનોને સૂચન.

આજનો દિવસ પવિત્ર છે સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોક્યના સ્વામી, ત્રૈલોક્ય વડે અર્ચિત અને પૂજિત, ત્રણે લોકના નાથ અને ત્રણે લોકના પ્રકાશક એવાં વિવિધ વિશેષણોથી યુક્ત તીર્થંકર ભગવંતોને પ્રસન્ન થવા વિજ્ઞપ્તિ.

અંતમાં નાથ કે સ્વામી કે પ્રભુ જેવાનાં તેમજ પ્રારંભમાં 'શ્રી' વિનાનાં ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરોના નામો. અને શાન્તિ માટે તેમને પ્રાર્થના.

શત્રુનો વિજય થતાં, દુકાળ પડતાં તેમજ ગહન જંગલ અને વિકટવાટો પસાર કરતી વેળા મુનિવરો તમારું સદા રક્ષણ કરે એવી અભ્યર્થના.

સરસ્વતીનાં નવ સ્વરૂપો તરીકે શ્રી, હ્રી, ધૃતિ, મતિ, કીર્તિ, કાન્તિ, બુદ્ધિ, લક્ષ્મી અને મેધાનો ઉલ્લેખ એવી સરસ્વતીની સાધના, (યોગના) પ્રવેશમાં અને (મંત્રજપના) નિવેશનમાં સારી રીતે આદરપૂર્વક જેમનું નામ લેવાય છે એ જિનેશ્વરોનો જય હો એવી શુભેચ્છા.

રોહિણી વગેરે સોળ વિદ્યાદેવીઓનો ઉલ્લેખ અને તમારું સદા રક્ષણ કરવા એને વિનતિ.

આચાર્ય, ઉપાધ્યાય વગેરે ચતુર્વિધ શ્રમણસંઘની શાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિ થાઓ એવું સૂચન.

નવ ગ્રહોના નામો[1] તેમજ ચાર લોકપાલોનાં નામો દર્શાવી ઇન્દ્ર, આદિત્ય (સૂર્ય), સ્કન્દ (કાર્તિકેય) અને વિનાયક (ગણપતિ)નો ઉલ્લેખ એ બધા તેમજ ગ્રામદેવતા, નગરદેવતા, ક્ષેત્રદેવતા વગેરેને પ્રસન્ન થવા વિજ્ઞપ્તિ, રાજાઓ અક્ષયકોશવાળો થાઓ એવી શુભ ભાવના.

તમે પુત્રાદિ સગાસંબંધી સહિત સદા આમોદ–પ્રમોદ કરનારા થાઓ એવી અભિલાષા.

આ ભૂમંડલમાં[2] પોતાના સ્થાનમાં રહેતા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનાં રોગ, ઉપસર્ગ, વ્યાધિ (દીર્ઘકાલીન રોગ), દુઃખ, દુષ્કાળ અને વિષાદના ઉપશમન દ્વારા શાન્તિ થાઓ એવી મનઃકામના

સદા તુષ્ટિ પુષ્ટિ, ઋદ્ધિ, વૃદ્ધિ, માંગલ્યની પ્રાપ્તિ અને અભ્યુદયથી તમો અંકિત બનો. તમારાં પાપો શાન્ત થાઓ, દુરિતો (? ભયો) નાશ પામો અને શત્રુઓ વિમુખ બનો એવી ભાવના.

ત્રિભુવનને શાન્તિ અર્પનારા અને ઇન્દ્રો વડે પૂજાયેલા શ્રીમાન્ શાન્તિનાથને નમસ્કાર.

શાન્તિકારક, ગુરુ અને શ્રીમાન્ એવા શાન્તિનાથ મને શાન્તિ આપો એવી યાચના.

જેમનાં ઘરોમાં શાન્તિનાથ (પૂજાય) છે તેમને સદા શાન્તિ જ છે એવું સૂચન.

શાન્તિનાથના નામનો રિષ્ટ, દુષ્ટ ગ્રહની ચાલ, દુષ્ટ સ્વપ્ન અને અશુભ નિમિત્તાદિના નાશક તેમજ હિત અને સંપત્તિ પ્રાપ્ત કરાવનાર તરીકે નિર્દેશ અને એ નામના જપનું સૂચન.

શ્રીસંઘ, વિશ્વનાં જનપદો, મહારાજાઓ અને રાજાઓનાં નિવાસસ્થાનો તેમજ ગોષ્ઠિકો અને મુખ્ય નાગરિકોનાં નામ દઇને શાંતિ બોલવી એવું કથન.[1]

---

૧. આ ગણાવતી વેળા ચન્દ્રનો સૌથી પ્રથમ ઉલ્લેખ છે અને સૂર્યાદિનો ત્યારબાદ.

૨. સ્નાત્રવિધિ કરતી વેળા જે જગ્યાની મર્યાદા બાંધી હોય તેને 'ભૂમંડલ' કહે છે.

૧. આ પદ્યગત ભાવ ગદ્યમાં પણ દર્શાવાયો છે. સાથે સાથે શ્રી બ્રહ્મલોકને શાન્તિ ઇચ્છી છે, એટલો એમાં વધારો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ॐ स्वाहा, ॐ स्वाहा અને શ્રી પાર્શ્વનાથાય સ્વાહા એમ ત્રણ આહુતિઓ.**

શાન્તિપાઠ ક્યારે, કેવી રીતે બોલવો અને એ કોણ બોલે તેની વિધિ.

પ્રસંગો–પ્રતિષ્ઠા, (રથ) યાત્રા, સ્નાત્ર ઇત્યાદિ ઉત્સવને અન્તે.

બોલનાર–કેસર, ચંદન કપૂર, અગરૂના ધૂપ અને કુસુમાંજલિ એમ પાંચ ઉપચારથી યુક્ત, શુદ્ધ દેહધારી અને અલંકારાદિથી અલંકૃત અને કંઠમાં પુષ્પમાળા પહેરેલી એવો હોવો જોઈએ.

એ સ્નાત્રની ચતુષ્કિકા (ચોકી)માં શાન્તિકલશ ગ્રહણ કરી શાન્તિ(પાઠ)ની ઉદ્‌ઘોષણા કરે તે સમયે એણે તેમજ બીજાઓએ શાન્તિકળશનું જળ મસ્તકે લગાડવું જોઇએ.

કલ્યાણીઓ તીર્થંકરના અભિષેકના સમયે નૃત્ય કરે છે. મણિ અને પુષ્પોની વૃષ્ટિ કરે છે, (અષ્ટ) મંગલો આ લેખે છે, માંગલિક સ્તોત્રો ગાય છે તેમ જ તીર્થંકરોનાં ગોત્રો અને મન્ત્રો બોલે છે, એમ આનન્દોત્સવની ઉજવણી કરે છે એ વાતનો નિર્દેશ.

સમસ્ત લોકનું કલ્યાણ થાઓ, લોકો પરોપકારી બનો, દોષો નાશ થાઓ અને જગત્ સર્વત્ર સુખી થાઓ એવી ઉત્તમ ભાવના.

હું તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં રહું છું. તેથી અમારું અને તમારું કલ્યાણ થાઓ અને ઉપદ્રવોનો નાશ થાઓ એવી અભિલાષા.

જિનેશ્વરના પૂજનનું ફળ અને સર્વોત્તમ મંગળરૂપ અને સર્વ કલ્યાણોના કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવા જૈન શાસનનો જયજયકાર.

વધુ આવતા અંકે)

---

(અનુસંધાન પાના ૩૬ નું ચાલુ)

ત્યાં જ જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જોઈ રાજકુમારીએ આગળ કહ્યું, 'મહાનુભાવો! ભોગ એ રોગનો જ સમાનાર્થ શબ્દ છે. માનવભવમાં જીવનનું અમૃત તો ત્યાગ અને વિરાગમાં જ રહેલું છે. માનવી સંયમયુક્ત જીવન જીવે તો તે અમૃતરૂપ બની જાય છે અને આપણા સૌના જીવે એ અનુભવ્યું પણ છે. હવે વર્તમાનજીવનમાં આપણે આપણા આત્માને ઉર્ધ્વગતિમાં લઈ જવો છે કે ભોગના માર્ગે જઈ અધોગતિના માર્ગે લઇ જવો છે? પશુયોનિમાંથી આપણે આવતા હોત અને ભોગના માર્ગે જવાની ઇચ્છા કરી હોત તો કદાચ તે ક્ષમ્ય ગણાત. પરંતુ માનવભવમાં મહાન તપ કરી દીર્ઘ કાળપર્યંત આપણે દેવલોકના અસાર સુખોનો સ્વાદ પણ માણી આવ્યા છીએ. હવે આપણા સૌનું લક્ષ મુક્તિ પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ, તેવું આપ સૌને શું નથી લાગતું?"

મલ્લિકુમારીની અમૃતવાણી સાંભળી છએ રાજાઓનાં મનમાંથી વાસનાના ચૂરેચૂરા થઈ ગયા. મલ્લિકુમારીએ દીક્ષા ગ્રહણ કરી અને જે દિવસે જગતની આ સર્વશ્રેષ્ઠ નારીએ દીક્ષા લીધી, તેજ દિવસે તેના ઘાતિ કર્મોનો નાશ થઈ ગયો. મલ્લિકુમારી આ અવસર્પિણી કાળના પ્રથમ સ્ત્રી તીર્થંકર થયા. તીર્થંકરોના જીવન ઇતિહાસમાં આ એક અજોડ પ્રસંગ છે. કહે છે કે પછી તો છએ રાજાઓ પણ પોતાના સંતાનોને રાજ્ય સોંપી ત્યાગધર્મના પંથે પળ્યા. વિશ્વની એક મહાન નારીએ અનેક નર અને નારીઓને તાર્યાં અને માનવજાત માટે સદા માટે પૂજનીય બની ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુ ઐસા ચાહિયે

લેખક : મકરન્દ દવે

શિબલી એક મુલકનો હાકેમ હતો. પણ તેના દિલમાં ઇશ્વરનાં દર્શન કરવાની આગ સળગી ઊઠી. પોતાની હાકેમી છોડી તે સૂફી સંત જુનૈદ પાસે આવ્યો અને કહ્યું : મેં સાંભળ્યું છે કે તમારી પાસે પાણીદાર મોતી છે તે મને વેચાતું આપો, અથવા બક્ષીશ કરો.'

જુનૈદે જવાબ આપ્યો : 'તને એ મોતી હું નહીં વેચું, કાં કે તારામાં તેની કિંમત ચૂકવવાની શક્તિ નથી. અને તને ભેટ પણ પણ નહીં આપું, કાં કે તો તને એની કિંમત નહીં સમજાય. મારી જેમ દરિયામાં ઊંડી ડૂબકી મારીને તારે એ મોતી મેળવવું પડશે.'

શિબલીએ કબૂલ કર્યું અને પછી શિબલીની કઠોર પરીક્ષા શરૂ થઈ જુનૈદે એક વખતના આ બડા હાકેમ પાસે ગંધકનો વેપાર કરાવ્યો, દરવેશી કરાવી, ભૂખે માર્યો, અપમાનિત કરી હાંકી કાઢયો. અને જ્યારે જોયું કે શિબલીમાં અહંકારનો અંશ પણ નથી રહ્યો ત્યારે કહ્યુ : 'શિબલી, હવે ખુદા તારા દોસ્ત બની ગયા.'

ખુદાની દોસ્તી જેને ખપે છે તેને પહેલાં તો દુનિયાની ખુરશી પરથી ઊતરવુ પડે છે. પણ આપણે તો બંને હાથમાં લાડુ રાખવા માગીએ છીએ. દુનિયાનો માન-મરતબો ઓછો ન થાય અને ખુદાની મહેરબાની મળ્યા કરે એવા નરદમ નફા પર આપણી નજર હોય છે. પણ તેથી કાંઇ વળતું નથી. તેથી તો નઝીર કહે છે તેમ બંને ગુમાવવાનો વારો આવે છે :

**'દિલ ચાહે દિલકાર કો, તન ચાહે આરામ,**
**દુબધા મેં દોનું ગયે, ન માયા મલી, ન રામ.'**

રામને મળવાનો એક જ રસ્તો છે, કે માણસ પોતે જીવતાં જ મરી જાય, માટીનું એક ઢેફું બની જાય. પણ સંતોની નજરમાં તો માટીનું ઢેફું યે મોટી ચીજ છે. કબીરે એક પછી એક સાખીમાં અહંકારને ગાળી નાખતી પરંપરા બતાવી છે, તે આ માર્ગમાં સદા યાદ રાખવા જેવી છે. રામ કોને મળે છે ? કબીરે એક સાખીમાં કહ્યું :

**'રોડા હોઈ રહો બાટકા, તજિ આપા અભિમાન,**
**લોભ મોહ તૃષ્ણા તજૈ, તાહિ મિલૈ ભગવાન.'**

પોતાનું અભિમાન તજી દઈ જે રસ્તામાં પડેલું ધૂળનું ઢેફું બની રહે એને ભગવાન મળે. પણ ના, ઢેફું તો કોઈ રાહદારીના પગમાં વાગી બેસે. રામના પ્રેમીએ તો એથી વધુ નીચી જગ્યા લેવી જોઇએ.

**'રોડા ભયા તો કયા ભયા, પંથી કો દુ:ખ દેહ,**
**સાધુ ઐસા ચાહિયે, જ્યોં પૈંડે કિ ખેહ.'**

સાધુએ તો રસ્તાની ધૂળ સમા બની રહેવું જોઇએ. ધૂળની નથી કશી કિંમત નથી કશો દરજ્જો. એ રસ્તા પર પથરાઇને પડી રહે છે ને સહુ તેને કચડતા જાય તોયે કશો કચવાટ નથી. પણ કોઈવાર અસંતોષનો પણ પવન ફૂંકાય તો ? ઈર્ષાનો વંટોળિયો આવી ચડે તો ? અહંકારને ધૂળમાં મેળવ્યો જ ધૂળમાં મળી જાય. પ્રવાસીની આંખમાં ઉડી વળગે, કણું બની ખટકે અથવા કોઇના શરીરને ધૂળ ધૂળ કરી મૂકે, એ સાધુનો ધર્મ તો નહીં. નમ્રતાના રસ્તા પર સાખી આગળ પગલાં મૂકતી કહે છે :

**'ખેહ ભયા તો કયા ભયા, ઊડિ ઊડિ લાગે અંગ,**
**સાધુ ઐસા ચાહિયે, જૈસે નીર નિપંગ'**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધુ રસ્તાની ધૂળ જેવો બની જાય તો બરાબર નહીં. એના કરતાં તો એ નિસ્તરંગ પાણી જેવો હોય તે વધુ સારું પાણી મેલ ધોઇ નાખે, થાક હરે, તરસ છિપાવે. ધૂળ થવા કરતાં પાણી થવું સારું. ગોરખે કહ્યું: 'આગની અગનિ હોઇબા રે અવધૂ આપણા હોઈલા પાની.' આગથી આગ વધે, આપણે પાણી થવું. પણ આ પાણી તો કોઇવાર હિમ જેવું ઠંડું બની જાય છે, અને ઉકળે ત્યારે ઉની વરાળ થઈ બાફી નાખે છે. સાધુનું હૈયું આવું ઠંડુ હિમને તાતું લોહ બની જાય તે કેમ ચાલે ?

'નીર ભયા તો કયા ભયા, તાતા સીરા હોય,
સાધુ ઐસા ચાહિયે, જો હરિ હી જૈસા હોય.'

હવે લાગે છે કે છેલ્લી ટોચ આવી ગઈ. જેવા હરિ, એવો હરિ ભગત. પણ ના, હરિના ભગતે તો હરિ સમાણા બનીને પણ એક સાવધાની સદાય રાખવાની છે. હરિને ભજતાં ભજતાં હરિના ઐશ્વર્યની ચાવી તેના હાથમાં આવતી જવાની. ત્યારે કયાંક હું જ જગતનો કરતા હરતા છું. એવો ગર્વ આવી જાય તો ? સાખીએ કહ્યું : સાવધાન ! હરિ જેવા થવાની હોડ ન રાખીશ.

'હરિ ભયા તો કયા ભયા, જો કરતા હરતા હોય,
સાધુ ઐસા ચાહિયે, જો હરિ ભજ નિરમલ હોય.'

આપણે આજે શું જોઈએ છીએ ? ભારતમાં 'ભગવાન'નો કયાંય તોટો છે ? થોડી સિદ્ધિ મળી, થોડી પ્રસિદ્ધિ મળી ત્યાં માણસના મગજની કમાન છટકી જાય છે. જેનાથી હરિ મળે તે હૃદયની સરળતા, નિર્મલતા, સાહજિકતા જ સાધુ ગુમાવી બેસે છે. અને પોતાનો જુદો દરબાર ભરી બેસે છે. જે માર્ગે વધુને વધુ નામ શેષ થતા જવાનું છે ત્યાં જ એ પોતાના નામની જુદી ધજા ફરકાવતા ફરે છે. એ તો મૂળગા ખોવાની જ વાત છે ને ! હરિભજી સદા નિરમળ રહે તે સાચો સાધુ પણ સાખી અહીં નથી અટકતી. કારણ કે આપણે જેમ સ્વયં ભગવાન બનીને નોખો ઝંડો ફરકાવતા મદઇક અભિમાનને જોઇએ છીએ તેમ નિર્મલતાનો નોખો ચોકો જમાવતા ચોખલિયાનો પણ પાર નથી. 'હું પ્રભુ'-એવું બિરુદ ધરવા જેટલું જેનું માથું ન ફરી ગયું હોય એ 'હું પવિત્ર'-એવું અબોટિયું તો પહેરીને ફરે છે. એટલે આખરી ચોટ મારતાં કબીર કહે છે :

'નિરમલ ભયા તો કયા ભયા, નિરમલ માંગે ઠોર,
મલ-નિરમલ તે રહિત હૈ, તો સાધુ કોઈ ઔર.'

જેને માટે મલિન-નિર્મલ, ઉચ્ચ-નીચ, સારું-ખરાબ સદાને માટે મરી પરવાર્યું છે ને જે હરેક હાટે, વાટે, ખુદાનો ખેલ જોતો ફરે છે એ સાચો સાધુ. ગુરુ ગોવિંદ સિંહને જ્યારે ઘણા લોકો ભગવાન ગણી પુકારતા હતા ત્યારે તેમણે સીધું જ કહેલું :

'જો કોઉ હમ પરમેસરુ કહહિં,
સો નર નરકુંડમેં પડહિં,
મૈં હૂં અલખ પુરસકા દાસા,
દેખન આયો જગત-તમાસા'

જેણે જીવનભર સત ધરમ માટે સંગ્રામ ખેલ્યો એની આ વાણી. સંગ્રામ પણ ખેલ. 'યુધ્ધસ્વ વિગત જ્વર.' જ્યાં કોઈ પણ જાતનો ઉશ્કેરાટ, આવેશ, જ્વર આવ્યો ત્યાં આનંદની માત્રા ઓસરી ગઇ. એટલે તો આનંદથી ખેલવું અને ઝૂઝવું એ સાધુ ને સિપાઇનો ધર્મ છે. એ સૌથી છેલ્લા બેઠો હોય છે અને બીજાનો બોજો ઉઠાવવાનો વારો આવે ત્યારે ભારે ગઠડી ખભ્ભે ઉપાડી પહેલો ચાલી નીકળે છે.

શિબલીએ કહ્યું છે : 'માણસ સૂફી એ વખતે થાય છે, જ્યારે તે તમામ ખલકને પોતાનું સંતાન સમજી સહુનો ભાર ઉપાડી લે.'—અને છતાં એ પોતાનું નામ નિશાન ન રાખે. શિબલીએ જે રાતે દેહ છોડયો ત્યારે તેના હોઠ પર આ શબ્દો હતા :

'જે ઘરમાં તારી ચિરશાંતિ હોય,
તે ઘરમાં ચિરાગની જરૂરત નથી.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રદ્ધાનું પરિબળ

લે. શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા–મુંબઈ

થોડા દિવસો પહેલાં, યોગનિષ્ઠ સ્વ. આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દી અને સ્વર્ગારોહણ અર્ધ શતાબ્દી મહોત્સવ સં. ૨૦૩૧ ની સાલમાં ઉજવવાની વિચારણા અર્થે, પૂજ્યપાદ આચાર્ય સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ સાથે વાર્તાલાપ કરવા, અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના કાર્યકર્તાઓ સાથે નવસારી જવાનું બનેલું. ત્યાંનું કામ પતાવી નવસારીથી દશ માઇલ દૂર આવેલ, ધામણ ગામે 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ' જોવાનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થયું.

આશ્રમનું વાતાવરણ બહુ નિર્મળ અને પવિત્ર છે. શ્વેતાંબર મૂર્તિપૂજક તેમજ દીગમ્બર જૈન મંદિર, ભવ્ય પ્રતિમાઓ, ભોજનશાળા, લાયબ્રેરી, પ્રાર્થના હોલ, વ્યાખ્યાન હોલ સાધુઓ તથા સાધ્વીજીઓ માટે જુદા જુદા ઉપાશ્રયો વગેરે સરસ વ્યવસ્થા છે. ગુજરાતના કેટલાક પાટીદાર ભાઇઓ આ આશ્રમની સુંદર વ્યવસ્થા કરે છે. સાધના માટે બહુ ઉત્તમ જગ્યા છે અને ચિત્ત પ્રસન્ન થાય તેવું વાતાવરણ છે. લગભગ પચાસ કુટુંબો રહી શકે તેવી સુંદર વ્યવસ્થા આશ્રમમાં છે, વોટર પાઈપ કનેકશન, ઇલેકટ્રીક લાઈટ, પંખા, વગેરેની વ્યવસ્થા પણ આશ્રમમાં કરવામાં આવેલી છે. ધામણ આમ તો નાનકડું ગામડું છે, પણ ગામડું છે તેથીજ ત્યાંનું વાતાવરણ શાંત અને કોલાહલ વિનાનું છે. આશ્રમમાં સ્થાયી એક બ્રહ્મચારી પણ રહે છે, જેઓ રાતે સાધકોને ભક્તિ કરાવે છે, પ્રાર્થના કરાવે છે અને ધાર્મિક ગ્રંથોનું વાંચન કરે છે. સવારે અને રાતે લગભગ છ કલાક સુધીનો આ વ્યવસાય છે.

આશ્રમમાં મુનિશ્રી દિનચંદ્રજીનો અમને સૌને મેલાપ થયો અને તેમણે અમને તેમની માતાના જીવનનો એક પ્રસંગ કહ્યો. તેમના માતુશ્રીને એવું અસાધ્ય દર્દ, કે એકાદ બે માસે પેટમાં ગોળો ચડી આવે અને એ વખતે શરીર લગભગ નિશ્ચેતન જેવું બની જાય. મોં બંધ થઈ જાય જે પ્રયત્નો છતાં ખુલ્લેજ નહિં. દવા આપવાનો પ્રયત્ન કરે પણ દવા મોંમા જાયજ નહીં સમગ્ર કુટુંબ પાટીદાર હોવા છતાં જૈનધર્મનું ચુસ્તરીતે પાલન કરે અને ઘરમાં નાના મોટાં સૌની પર જૈનધર્મના દૃઢ સંસ્કારો. કોઈએ ઈલાજ બતાવ્યો. કે જ્યારે ગોળો ચડી આવે અને મોં બંધ થઈ જાય, ત્યારે ડુંગળીને કાપી નાકે સુંઘાડવી, મોઢું આપોઆપ ખુલ્લી જશે અને પછી તરતજ આદુનો રસ મોંમાં રેડી દેશો ગોળો તુરતજ ઊતરી જશે અને શરીરમાં ચેતન આવી જશે.

જૈનધર્મના દૃઢ સંસ્કારો એટલે આ ઉપાય રુચે તો નહિ, પણ વ્યાધિ પાસે સૌ નાઈલાજ હતા. આ ઈલાજનો આશ્રય આપદ્ધર્મરૂપે જ લેવાતો. એ વખતે ધામણ આશ્રમમાં અગાસ આશ્રમમાંથી બ્રહ્મચારી ગોવર્ધનદાસજી અવારનવાર પધારતા સાધકોને આશ્રમમાં ઉપદેશ આપે અને સમજાવે. મુનિશ્રીના ઘરના સૌ પણ ઉપદેશ સાંભળવા જતા. મુનિશ્રીના માતુશ્રી પૂ. જશોદાબહેન પરમભક્ત અને હળુકર્મી જીવ, એટલે બ્ર. ગોવર્ધનદાસને જ્યારે ખબર પડી કે, જશોદાબહેનને આ રીતે કંદમૂળનો ઉપયોગ કરવાની કોઈ કોઈ વખત ફરજ પડે છે, ત્યારે કંદમૂળના દોષની વાત સમજાવતાં કહ્યું, સર્વ મનુષ્યો તેનાથી સાતેય નરકના નારકીઓ, તેનાથી ચારેય નિકાયના દેવો, તેનાથી પંચેન્દ્રિય તિર્યંચો, તેનાથી વિકલેન્દ્રિય જીવો અને તેનાથી અગ્નિકાય જીવો એ બધા યથાક્રમ એકેક કરતા અસંખ્યાત ગુણા છે. અગ્નિકાયથી પૃથ્વીકાય વિશેષાધિક, તેનાથી અપકાય વિશેષાધિક અને તેનાથી વાયુકાય વિશેષાધિક છે. ઉપર કહ્યા તે બધા મળીને જીવો અસંખ્યાતા છે. તે કરતાં સિદ્ધના જીવો અનંતગુણા અને સિદ્ધો કરતાં પણ એક નિગોદ શરીરમાં અનંતગુણા જીવો છે, કારણકે નિગોદનો અનંતમો ભાગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધગતિમાં છે. આનો અર્થ એમ થયો કે એક અનંતકાય શરીરમાં અનંતાનંત જીવો હોય છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, **आर्द्रः कन्दः समग्रोऽपि** અર્થાત્ સઘળા લીલા કંદો અનંતકાય છે. સૂરણ, બટાટા, ડુંગળી, મૂળો, ગાજર, શકરિયાં, આદું, લસણ, લીલી હળદર વગેરે તમામની ગણના લીલા કંદમાં થાય છે.

મુનિશ્રીએ કહ્યું કે મારી માતાએ દલીલ કરી કે, ડુંગળીનો ઉપયોગ તો માત્ર સૂંઘવામાં કરવો પડે છે અને આદુંનો ઉપયોગ જો કે ખાવામાં કરવો પડે છે, પણ માત્ર દવારૂપે. માંદગી સિવાય આ વસ્તુઓનો કદી પણ ઉપયોગ કરતી નથી અને આટલી છૂટ સાથે પચ્ચખાણ લેવા પણ તૈયાર છું. બ્રહ્મચારીજીએ હસીને જવાબ આપતાં કહ્યું કે, આવા પચ્ચખાણ તો પાંગળા પચ્ચખાણ છે. તલભાર પણ કાતિલ ઝેર પ્રાણ હરી લે છે, તેમ રજમાત્ર અનંતકાય પદાર્થના ઉપયોગમાં જો કે પ્રાણનો ભય નથી, પણ એવો ઉપયોગ તો નરકના દ્વારની ગરજ સારે છે. તમને આ દર્દ કેમ થયું ? અને તમારે આ કંદમૂળના ઉપયોગની ફરજ કેમ પડે છે, તે તમે જાણતા નહિં હો, પણ તેનું કારણ તમને સમજાવું. પૂર્વજન્મમાં અત્યત રાગપૂર્વક કંદમૂળ વાપર્યા હશે, એ સંસ્કાર પાછા આ જન્મે સજીવન થયા છે. પણ સંકલ્પબળથી તમે આ પ્રકારના ઉપયોગથી મુક્ત બની શકો છો. સંકલ્પ કરો કે મૃત્યુ થાય તો તેને આવકારીશ, પણ જીવ જતાં સુધી, કંદમૂળનો ઉપયોગ હરગીઝ નહિં કરુ. જો આ જન્મે આ લફરામાંથી સમજ પૂર્વક મુકત નહિ થશો, તો અન્ય જન્મે આવી સમજણ, આવો ધર્મ, આ સંજોગો અને આવો માનવ અવતાર ફરી ફરી પ્રાપ્ત થવો દુર્લભ છે. માટે મળેલી તકનો લાભ લઈ બીનશરતી પચ્ચખાણ લઈ લ્યો.

મુનિશ્રીએ છેલ્લે કહ્યું કે, બ્રહ્મચારીજીની વાત સાંભળી મારા માતાજીનું હૃદય દ્રવી ગયું અને તે જ વખતે કંદમૂળ ન ખાવાના પચ્ચખાણ લઈ લીધાં. મારા સંસારી માતા હજુ જીવે છે. આ વાત બની આજથી બાવીસ વર્ષો અગાઉ સંવત ૨૦૦૯ની સાલમાં. આશ્ચર્ય અજાયબીની વાત તો એ છે કે, પચ્ચખાણ લીધાં પછી આ બાવીસ વર્ષમાં તેમને એક પણ વખત પેટમાં ગોળો ચડયો નથી. મુનિશ્રીના સંસારી પિતાજી ત્યાં અમારી સાથે જ બેઠા હતા. તેમણે કહયું કે, જે દિવસે પચ્ચખાણ લીધાં, તે જ દિવસે એ રોગે સદાય માટે વિદાય લીધી. આજે પણ તેમની હાલત તદ્દન તંદુરસ્ત છે શ્રદ્ધાના પરિબળની આ વાત સાંભળી, અમારા સૌનાં આશ્ચર્યનો પાર ન રહ્યો. અમારા હૃદય પણ દ્રવી ઊઠયાં અને અમારા પૈકી એક બંધુના મન પર તો આ બનાવે એટલી બધી સચોટ અસર કરી કે, મુનિરાજ પાસે ત્યાંને ત્યાંજ કંદમૂળના જીવનભર ત્યાગ માટે પચ્ચખાણ લીધાં. શ્રદ્ધાથી સમુદ્રરૂપી સંસાર તરી શકાય છે અને મુકિત પણ પ્રાપ્ત કરી શકાય છે–પણ એ શ્રદ્ધા જો સમજપૂર્વકની અને સાચી હોય તો

(સ્વર્ગસ્થઃ શ્રી ફતેહચંદ ઝવેરભાઈની નોંધપોથીમાંથી)

સુંદર બગીચાને જેટલી વાડની આવશ્યકતા છે તેટલી જ જીવને દુઃખની આવશ્યકતા છે; દુઃખમાં થતો કષ્ટનો અનુભવ એજ જીવન માટે ઉન્નતિનું કારણ છે; ભૂખનું દુઃખ જેમ ભોજનને વહાલું બનાવે છે તેમ દુઃખોનો આસ્વાદ સાચા સુખની લહેજતને વધારે છે; સુખ એ છાતી અને દુઃખ એ પીઠ છે; દરેકને બન્નેની આવશ્યકતા છે; દુઃખ સુખના દ્વંદ્વો રાત્રિદિવસના દ્વંદ્વોની જેમ મનુષ્યને પડતી અને ચડતીના અનુભવો આપી રહ્યાં છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમેરિકાના પ્રેસિડેન્ટ

# એબ્રહામ લિંકનના કેટલાક જીવન પ્રસંગો

*(આ લેખમાંના મૂળ પ્રસંગો શ્રી મુકુલ કલાર્થી કૃત 'એબ્રહામ લિંકન' (જીવન પ્રસંગો) ગ્રંથને આધારે લીધા છે. લેખકઃ—મનસુખલાલ તારાચંદ મહેતા)*

ભૂતકાળમાં ભારતમાં ગુલામોની પ્રથા હતી, તેવી પ્રથા અમેરિકા જેવા આગળ વધેલા દેશમાં પણ આજથી સવાસો વર્ષ પહેલાં હતી. ઈ. સ. ૧૮૦૮ના ૧૨ મી ફેબ્રુઆરીએ જંગલની મધ્યમાં આવેલા, નોલીનક્રીક નામના નિર્જન અને એકાન્ત સ્થળમાં, અઢાર ફૂટ લાંબી અને ચૌદ ફૂટ પહોળી લાકડાની બંધાવેલી નાનકડી ઝૂંપડીમાં, અત્યંત ગરીબ માબાપને ત્યાં લિંકનનો જન્મ થયો હતો. આ બાળકના જીવન ઘડતરમાં તેની માતાનો મહાન ફાળો હતો.

દર રવિવારના દિવસે માતા ઈશુના જીવનની વાતો સંતાનોને કહેતી અને બાઈબલ વાંચી સંભળાવતી. લિંકન હંમેશા રવિવારના દિવસની આતૂરતા પૂર્વક રાહ જોયા કરતો. દશ વર્ષની વય થતાં લિંકનની માતાનું મૃત્યુ થયું. મૃત્યુની અંતિમ ઘડીએ માતાએ પુત્રને પોતાની પાસે બોલાવી સોડમાં લીધો અને પોતાનો કંપતો હાથ અત્યંત પ્રેમપૂર્વક પુત્રના માથા પર મૂકી કહ્યુંઃ 'બેટા! બહેન તથા તારા પિતાની તારે સંભાળ રાખવાની છે.' સદાચારી અને સત્યવાદી થવાની તથા ઈશ્વર પર અખંડ શ્રદ્ધા રાખવાની માતાએ અંતિમ શિખામણ આપી અને છેલ્લો શ્વાસ લીધો. આગળ જતાં પોતાની માતા વિષે લિંકને કહ્યું છે કેઃ 'ભગવાન! મારી માતાનું કલ્યાણ કરો! હું જે કંઈ છું, અને હજી થવાની આશા રાખું છું, એ બધું સર્વથા મારી માતાને આભારી છે.'

એક વેપારીના કામ અર્થે લિંકનને દક્ષિણમાં આવેલા ન્યૂ આર્લેન્સમાં જવાનુ બન્યું. આ મુસાફરી દરમિયાન સ્ટીમરમાં તેણે પ્રથમવાર લોઢાની સાંકળથી જકડાયેલા ગુલામોને જોયા. વિશાળ ખેતરોમાં કામ કરતાં હજારો ગુલામોના ટોળા જોયા. ન્યૂ આલેન્સના ગુલામોના બજારો જોઈ લિંકનનું કોમળ હૃદય કંપી ઊઠયું. ગુલામ સ્ત્રી પુરુષોને બળજબરીથી હંમેશને માટે તેમના કુટુંબથી, બાળકોથી વિખૂટાં પાડી દૂર દૂરના પ્રદેશમાં વેંચી દેવાતા જોઈ તેનું હૃદય દ્રવી ગયું. ગુલામોના બજારમાં સંખ્યાબંધ અર્ધ નગ્ન સ્ત્રી પુરુષ ગુલામો, તેઓ નાસી ન જાય એ માટે સાંકળથી બંધાયેલા લિકને નજરો નજર જોયા. ચંદનબાળા રાજકન્યા હતી, પણ કાળના પ્રભાવે કૌશાંબીની બજારમાં તેણે પણ ગુલામ તરીકે વેંચાવુ પડ્યાની વાત આપણાથી અજાણ નથી. આવી જ પરિસ્થિતિ, આજથી માત્ર સવાસો વર્ષ પહેલાં અમેરિકામાં પણ પ્રવર્તી રહી હતી.

ઈ. સ. ૧૮૬૦ માં સંયુક્ત રાજ્યના મતદારોએ લિંકનને પ્રેસિડેન્ટ તરીકે ચૂંટી કાઢ્યા. લિંકને એ પ્રસંગે કહેલું કે, **"હું ગુલામ ન થાઉં તે જ રીતે હું માલિક પણ ન બનું, એ સૂત્ર મારી પ્રજાતંત્રની કલ્પના વ્યક્ત કરે છે. જે તંત્ર એનથી જુદું પડે છે, તે તેટલા પૂરતું પ્રજા તંત્ર નથી."**

ગુલામોની પ્રથા, લિંકને વિરોધીઓનો ભારે સામનો કરી બંધ કરાવવાનું જાહેરનામું તા. ૧-૧-૧૮૬૩ના દિવસે બહાર પાડ્યું. એ જાહેરનામા પર સહી કરતી વખતે લિંકને કહેલું કે, "આ જાહેરનામા પર સહી કરતી વખતે એક વાજબી કામ કરી રહ્યો હોવાની જેટલી દૃઢ પ્રતીતિ મને થઈ, તેવી મારા જીવનમાં કદી પણ થઈ નથી." આપણા દેશમાં પંડિત જવાહરલાલ નહેરૂનું જે સ્થાન છે, તેવું જ સ્થાન અમેરિકામાં આજે પણ એબ્રહામ લિંકનનું છે. આજે પણ અમેરિકાની પ્રજા આ મહામાનવને યાદ કરે છે. લિંકનના જીવનના કેટલાક પ્રસંગો નીચે આપવામાં આવ્યા છે.

## (૧) ભૂલનો ડંખ અને પ્રાયશ્ચિત્ત

અમેરિકામાં જ્યારે આંતરવિગ્રહ ચાલી રહ્યો હતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે સમયની આ વાત છે. એક દિવસે સાંજે પ્રેસિડેન્ટ લિંકન અત્યંત થાકીને ઘેરે આવ્યા અને મોડી રાત સુધી બેસી કામ પતાવી સૂવાની તૈયારી કરતા હતા, તેવામાં લશ્કરનો એક કર્નલ પાસપોર્ટ ઉપર સહી કરાવવા આવ્યો. એ કર્નલની પત્ની એક જહાજમાં મુસાફરી કરતી હતી ત્યારે, દુશ્મનોએ તે જહાજને ડૂબાડી દીધું અને કર્નલની પત્નીનું મૃત્યુ થયું. કર્નલને પોતાની પત્નીના અંતિમ સંસ્કાર અર્થે તે સ્થળે જવાનું હતું, પણ એ યુદ્ધભૂમિનું સ્થળ હતું, તેથી યુદ્ધમંત્રી તેમજ પ્રેસિડેન્ટ બંનેની સહી પાસપોર્ટ પર જરૂરની હતી.

આમ તો લિંકન અત્યંત નમ્ર અને સરલ સ્વભાવી હતા, પણ તે રાતે થાક અને કંટાળાથી સૂઈ જવાની તૈયારીમાં હતા, ત્યારે આ કર્નલ ત્યાં પહોંચ્યો એટલે લિંકનને ચીડ ચડી. લિંકનને આવા મિજાજમાં જોઈ પેલો કર્નલ તો ઠંડો થઈ ગયો અને પાસપોર્ટ ત્યાં જ મૂકીને તુરત ચાલી ગયો. લિંકન સૂવા માટે પથારીમાં પડયા પણ નિદ્રા ન આવે. પથારીમાં એક બાજુથી બીજી બાજુ પડખા ફેરવ્યા કરે. કર્નલના મનને દુભવ્યાનો તેના મનમાં પશ્ચાત્તાપ થતો હતો. મોડી રાતે ઉઠી લિંકને યુદ્ધમંત્રી પાસે સહી લઈ પોતાની પણ સહી પાસપોર્ટમાં કરી. વહેલી સવારે લિંકન પેલા કર્નલના સ્થાને હોટેલમાં જઈ પહોંચ્યા અને કર્નલની રૂમનું બારણું ખખડાવ્યું.

કર્નલ બારણું ઉઘાડીને જુએ છે તો સામે જ પ્રેસિડેન્ટને જોઈ તે તો આભો જ બની ગયો. લિંકને તેની સાથે પ્રેમપૂર્વક હાથ મિલાવ્યા અને ગળગળા અવાજે કહ્યું : "પ્રિય કર્નલ ! રાતે માણસ મટી હું પશુ બની ગયો હતો અને તેથી જ તમારી સાથે પશુ જેવુ વર્તન કર્યું. મારા આવા વર્તનનો કશો બચાવ કરવા હું નથી આવ્યો, પણ જે માણસે દેશ માટે ભોગ આપ્યો હોય અને ભારે દુઃખમાં આવી પડયો હોય, તેની સાથે આવું વર્તન તો ન જ થઈ શકે એ હું સમજું છું. પછી તો આખી રાત મને ઊંઘ ન આવી અને મારા વર્તન માટે ભારે પશ્ચાત્તાપ થયો." પછી તો સહી કરેલો પાસપોર્ટ કર્નલને આપીને લિંકન તેને પોતાની ગાડીમાં બેસાડી બંદર સુધી પહોંચાડી આવ્યા.

માણસ માત્ર ભૂલને પાત્ર છે એ ખરું, પણ ભૂલનુ ભાન થયા પછી પણ તેનો પાશ્ચાતાપ ન થાય કે પ્રાયશ્ચિત્ત કરવામાં ન આવે, તો એવા માણસમાં માનવને બદલે પશુના લક્ષણો વધુ પ્રમાણમાં છે, એમ માનવું પડે.

## (૨) હૃદયની કોમળતા

પ્રેસિડેન્ટ લિંકન એક વખત સેનેટમાં જઈ રહ્યા હતા. સમય થઈ ગયો હતો. ઘેરથી નીકળી સેનેટમાં જતાં જતાં વચમાં એક તળાવમાં ડુક્કરને કાદવમાં ખૂંપી ગયેલું જોયુ. ડુક્કર કાદવમાંથી બહાર નીકળવા પ્રયત્નો કરે, પણ નીકળી શકે નહિં. પ્રેસિડેન્ટે આ જોયું અને ગાડી ઊભી રાખી પોતે જાતે ડુક્કર નજીક દોડી ગયા. પેલા ડુક્કરને કાદવમાંથી બહાર કાઢ્યું, પણ તેમ કરવા જતાં કપડાં પર કાદવના છાંટા ઉડયા. ઘેર પાછા જઈ કપડાં બદલાવવામાં મોડું થાય તેમ હતું, એટલે સમયસર પહોંચવા લિંકન તો તેવા જ કપડે સેનેટમાં ગયા.

ડુક્કરને બચાવવા જતાં પ્રમુખના કપડાં કાદવથી ખરડાયેલા છે, એ વાત સભ્યોએ જાણી, ત્યારે કોઈ સભ્યે તેમને કહ્યુ, 'ડુક્કરનું દુઃખ ઓછું કરવા માટે તમે ન ગયા હોત અને કોચમેનને મોકલ્યો હોત, તો પણ ચાલત !' લિંકને હસતાં હસતાં તેને જવાબ આપતાં કહ્યું : 'ડુક્કરનું દુઃખ ઓછું કરવા હું કાદવમાં નહીં ગયેલો, પણ ડુક્કરને દુઃખી થતું જોઈ મને પોતાને જ જે દુઃખ ઉત્પન્ન થયું, તેના નિવારણ અર્થે મારે ડુક્કરને બચાવવા જવું પડયું.'

અન્ય જીવને દુઃખી થતું જોઈ આપણામાં દુઃખ ઉત્પન્ન થાય, તેમાં જ હૃદયની સાચી કોમળતા છે

(ચાલુ)

હાથ અન્ન પકાવીને પોતે નહીં ખાતાં જઠરને અર્પણ કરી ખુશી થાય છે, અને એ સ્વાભાવિક રીતે પોતાનું વળતર મેળવી લે છે તેવી રીતે વિદ્વાન મનુષ્ય અન્ય અજ્ઞાન મનુષ્યોના હિતને માટે થાય, યથાશક્તિ સહુને ઉપયોગી થાય તો તે સૌના હિત સાથે સ્વાભાવિક રીતે પોતાનું પણ સાધી લે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બેયન્ટ એપરેટસ

વિગેરે..................

## શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧/૬૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીનીઅરીંગ વકર્સ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસલેન,
મુંબઇ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથાવલોકન

## યોગ સાધના માટે એક અમૂલ્ય ગ્રંથ

**'આત્મ જ્ઞાન અને સાધના પથ'** લેખક પૂ. મુનિશ્રી અમરેન્દ્રવિજયજી પુરોવચન. પૂ. મુનિશ્રી જંબૂ-વિજયજી પ્રકાશકઃ ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય અમદાવાદ ડેમી સાઈઝ પાના ૨૮+૨૦૦ કિંમત નવ રૂપિયા.

યોગ સાધનાના અભ્યાસીઓ માટે આ એક અમૂલ્ય ગ્રંથ છે. 'દ્વાદશાર નયચક્ર' જેવા મહાન ગ્રંથના લેખક પૂ. જંબૂવિજય મહારાજ સાહેબે તેમના પુરોવચનમાં ગ્રંથ લેખકને અંજલિ આપતાં સાચું જ કહ્યું છે કે: 'મુનિરાજશ્રી અમરેન્દ્રવિજયજી ગંભીર, મર્મગ્રાહી, આધ્યાત્મિક તત્ત્વ ચિંતક છે. એમની દૃષ્ટિ અને ચિંતન ઘણા વિશાળ છે. મોક્ષ માર્ગમાં ઉપયોગી જ્ઞાન ખરેખર કેવું હોય એ વિશે અનેક ગ્રન્થોનું મંથન કરીને આપણી પાસે એમણે આ વિષયની જે સૂક્ષ્મ અને તલસ્પર્શી મીમાંસા તટસ્થ ભાવે રજૂ કરી છે તે ખૂબ પ્રશસનીય, મનનીય અને અભિનંદનીય છે."

'સમત્વઃ સાધનાનો રાજપથ' ગ્રંથના પાંચમાં પ્રકરણમાં સાધનાના બે અંશ એક આંતરિક અને બીજો બાહ્ય વિશે લેખકે લખ્યું છે, "ભાવ શુદ્ધિ અંતરની સ્થિતિ છે; તે છે ક્ષમા, સરળતા, નમ્રતા, નિરીહતા, સમભાવ વગેરે ગુણો રૂપી વ્યક્ત થતી મનશુદ્ધિ એની પ્રાપ્તિ અર્થે જ બહારનો વ્યવહાર-વિધિ નિષેધ, વ્રત, નિયમ, સત્સંગ, સ્વાધ્યાય, અનુષ્ઠાનાદિ ઉપદેશાયાં છે. એ વ્યવહારનું બાહ્ય કલેવર કેવું ઘડાય એનો આધાર છે સાધકની આંતર બાહ્ય પરિસ્થિતિ." (ગ્રંથ પાના ૧૦૫-૬)

ધ્યાન અંગે મહત્ત્વની વાત કહેતાં લેખકે કહ્યું છે કે, "ધ્યાન પણ 'ક્રિયા'નું જ એક અંગ છે, એ સૂક્ષ્મ ક્રિયા છે. 'ક્રિયા' શબ્દથી પૂજા, પ્રતિક્રમણ અને પડિલેહણાદિનો જ બોધ આપણા ચિત્તમાં થતો હોય તો એ ખ્યાલ સુધારી લેવો ઘટે. શાસ્ત્રકારોએ 'ક્રિયા'માં ધ્યાનાભ્યાસ અને તત્ત્વ ચિંતનનો પણ સમાવેશ કર્યો છે, એટલું જ નહિ, તત્ત્વ ચિંતન નિરપેક્ષ બાહ્ય ક્રિયાને નિઃસાર કહી છે. મુમુક્ષુએ યમ-નિયમ અને અનુષ્ઠાનાદિ બાહ્ય ઉપાસનામાં જ અટકી ન જતાં, ધ્યાન ધારણાદિ અંતરંગ યોગ સાધનનો પણ આદર કરવો ઘટે કે જેથી જ્ઞાન--અપરોક્ષાનુભાવ જન્ય આત્મજ્ઞાનની પ્રાપ્તિ શક્ય બને." (ગ્રંથ પાન ૧૦૭)

સાધકને સતત સાવધ અને જાગ્રત રહેવા અંગે લેખકશ્રીએ સાચું જ કહ્યું છે કે, "ધ્યાનાદિ સાધનાનો સમય એ પરમાત્મા સાથેની 'એપોઈન્ટમેન્ટ' છે. પરંતુ આપણા જીવનની કરૂણતા એ છે કે આપણે અનેક નિઃસાર નિરર્થક પ્રવૃત્તિઓ માટે સમય કાઢી શકીએ છીએ, પણ જીવનની સૌથી અગત્યની આ પ્રવૃત્તિ માટે સમયની માગ આવે ત્યારે આપણે કહીએ છીએ કે સમય નથી ! શ્રેય અને પ્રેય વચ્ચે પસંદગી કરવાની પળે આપણે ગોથું ખાઈ જઈએ છીએ અને પછી તેમાં એવા અટવાઈ જઈએ છીએ કે તેમાંથી નીકળવુ લગભગ અશક્ય બની જાય છે. સવારના ઊઠીએ ત્યારથી એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં પરોવાતા રહીએ છીએ અને એ પ્રવૃત્તિના આકર્ષણે-એમાંથી કંઈક પ્રાપ્તિની આશાના તાંતણે એવા બંધાઈ જઈએ છીએ કે તેમાંથી જાતને કદી મુક્ત કરી શકતા નથી. પરિણામે પ્રવૃત્તિની એ ઘટમાળ આપણા અંતશ્ચક્ષુ આડે એવું ઘટ્ટ આવરણ ઊભું કરી દે છે કે આપણું જીવન ધ્યેય વિસારે પડી જાય છે. (ગ્રંથ પાન ૧૭૨-૭૩).

'વિપશ્યના-સાધના' જેની ધ્યાન શિબિરોનું સંચાલન શ્રી. સત્યનારાયણ ગોયેન્કા કરે છે, તે અંગે પણ એક પરિશિષ્ટમાં વિસ્તૃત વર્ણન આપીને લેખક મુનિએ ખરેખર મહાન ઉપકાર કર્યો છે. આખાયે પુસ્તકમાં ઠેકઠેકાણે લેખકે શાસ્ત્રોના અને વિદ્વાન્ પૂર્વાચાર્યોના અનેક સાક્ષિ પાઠો રજૂ કરીને આ ગ્રંથને ખરેખર એક પ્રમાણભૂત ગ્રંથ બનાવ્યો છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક મુનિરાજે આ સર્વાંગ સુંદર ગ્રંથ સ્વ. શ્રી રમણમહર્ષિને સમર્પણ કર્યો છે. આમ કરવામાં લેખકશ્રીની તટસ્થવૃત્તિ અને મનની વિશાળતા સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે, પરંતુ તદુપરાંત તેઓ સાંપ્રદાયિક સાંકળથી બંધાયેલા નથી પણ મુક્ત છે એ વાત પણ સિદ્ધ થાય છે. આવો અદ્ભુત ગ્રંથ તૈયાર કરવા માટે લેખક મુનિરાજશ્રીને અમે કોટિ કોટિ ધન્યવાદ આપીએ છીએ. આ ગ્રંથ માત્ર જૈન સમાજ માટે નથી, પણ જગતના દરેકે દરેક યોગસાધનાના અભ્યાસી માટે આ એક અમૂલ્ય ગ્રંથ છે. પ્રસ્તુત ગ્રંથનુ હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરી બહાર પાડવામાં આવે તો અનેક સાધકો માટે એ કાર્ય આશીર્વાદરૂપ બનશે.

'કણ અને ક્ષણ'–લેખક મુનિશ્રી મહાબલવિજયજી પ્રકાશકઃ શ્રી મુક્તિ–કમલમોહન જૈન ગ્રન્થમાલા. રાવપુરા, કોઠીપોળ, મંછાસદન, વડોદરા (ગુજરાત) પ્રાપ્તિ સ્થાનઃ શ્રી ઋષભદેવ જૈન મંદિર પેઢી, ૧૦ મો રસ્તો, ચેમ્બુર, મુંબઈ–૭૧. (૨) શાહ વ્રજલાલ એન્ડ કંપની, ૧૨૬ કંસારા બજાર–મુંબઈ–૨. પૃષ્ટ ૧૬૮. કિંમત રૂપિયા બે. આ લઘુ ગ્રંથમાં આબાલ–યુવાન–વૃદ્ધ–સ્ત્રી–પુરુષ સૌને સમાન રીતે બોધક થાય એવા નાના મોટા પચીસ કથા પ્રસંગો સુંદર શૈલીથી રજૂ કરવામાં આવ્યા છે. નાનો એવો દીપક જેમ અંધકારને દૂર કરી અજવાળું પાથરે છે, તેમ આ કથા પ્રસંગો પણ વાચકના હૃદયમાં એક પ્રકારનો પ્રકાશ ફેલાવે છે. સાહિત્યના પ્રકાર અનેક છે પણ આ બધા પ્રકારોનો શિરોમણી છે કથા વાર્તા. માનવ જીવનનું પ્રતિબિંબ રજૂ કરતી આ પ્રસંગ કથાઓ વાંચતા વાચક મુગ્ધ બને છે અને જીવન પ્રત્યેની એક અનોખી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. પૂ. મુનિરાજશ્રીનું 'વિચાર–વૈભવ' પછીનું આ બીજુ પુસ્તક છે. લેખકની પાસે એક ઉત્તમ દૃષ્ટિ અને લખવાની સુંદર શૈલી છે. આશા રાખીએ કે મહારાજશ્રી પાસેથી સમાજને આવા સુંદર પુષ્પો અવારનવાર મળતાં રહે.

—મનસુખલાલ તારાચંદ મહેતા

# ચેતનાનો પ્રકાશ–સ્રોત

આમ તો તમને અસંખ્ય આશિષ મળેલા છે, પણ એ સહુમાં સૌથી વધારે મહાન વરદાન છે; તમારું જીવન આ ધરતી પરનું તમારું અસ્તિત્વ. એમાં સૌંદર્યપૂર્ણ આનંદ અને શુભ સંકલ્પનો અનંત વિસ્તાર પથરાયેલો છે.

તમારી જાતને નાની ન માનશો. તમારામાં જ રહેલું ઇશ્વરતત્ત્વ તમારી ઓળખાણની રાહ જુએ છે. તમારી ઇચ્છા બુદ્ધિ, વિચાર, ભાવના અને સહાનુભૂતિઓને આ દૈવી તત્ત્વમાં નિયોજિત કરો.

ભયભીત ન થશો. ગભરાશો નહિ, પરમ પાવન જીવનભાગીરથી તમારી બહાર નહિ, પણ તમારી અંદર જ છે. શેરડીના કઠોર લાગતા સાંઠામાં જેમ મધુર રસ હોય છે એ જ રીતે તમારામાં જીવનની ચેતના છલકાઈ રહી છે. અંદર ઉતરીને એનો પરિચય કરો, એની મીઠાશને માણો, પછી વિશ્વની તમામ કડવાશ ઓગળી જશે. પણ એકવાર અંદરના આ ચેતન–માધુર્યને ચાખો તો ખરા.

તમારી જાતને બદલતા રહો, ક્ષણે ક્ષણે બદલતાં રહો. જડ બનીને બેસી ન રહો. અંદરની ચેતનાને બહાર પ્રગટાવો આપણે જડ નથી, ચેતન માનવી છીએ, માટે જ દીપકની જેમ પળે પળે અધિક પ્રજ્જ્વલિત થઇને આત્મપ્રકાશ મેળવવો પડશે.

–આલ્બર્ટ સ્વાઈત્ઝર

("જૈન જગત" નવે. ૧૯૭૩માંથી સાભાર ઉધ્ધૃત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. B. V. 31

# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. न. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी–द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४. " " प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०–०० |

## અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

## ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન.પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૫–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨–૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૩–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૩–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૭–૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩–૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬–૨૫ |
| કાચુ બાઈન્ડીંગ | ૫–૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ. ભાવનગર.

For Private And Personal Use Only